# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરમાં ગાંધીનગર મોખરે

## જિલ્લામાંથી ૩૦ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ. શહેરના ૨૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો.



ગાંધીનગર તા ૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ૨ ની પરિક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતું.ગાંધીનગર જિલ્લામાંથી ૫૮૪૪ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી.જયારે આ પૈકી ૩૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે.જયારે ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૪૦૩૦ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે આ પૈકી ૨૬ પરિક્ષાર્થીઓ એ વન ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે.શહેરની સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના ૧૦ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે ઈન્ફોસિટિ જુનિયર સાયન્સ કોલેજના ૮ વિદ્યાર્થીઓ એ વનમાં ઉત્તિર્ણ થયા છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષાનુ પરિણામ આજે બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યુ હતું. સમગ્ર રાજયમાંથી ૧૩૬૯૬૯ વિદ્યાર્થીઓએ આ પરિક્ષા આપી હતી. જયારે ગાંધીનગર જિલ્લામાંથી નોંધાયેલા ૫૮૫૭ વિદ્યાર્થીઓ પૈકી ૫૮૪૪ વિદ્યાર્થીઓ પરિક્ષામાં હાજર રહયા હતા. જેમાંથી ૩૦ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો હતો. જયારે ૨૧૧ એ ટુ ગ્રેડમાં,૩૭૩ બી વનમાં ૫૪૨ બી ટુ ગ્રેડમાં ઉત્તિર્ણ થયા છે.આ ઉપરાંત ૮૬૭ સી વનમાં જયારે ૧૩૦૧ વિદ્યાર્થીઓએ સી ટુ ગ્રેડ મેળવ્યો છે. ૧૦૮૯ વિદ્યાર્થીઓનો ડી ગ્રેડમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓનો ઈ વન તેમજ ત્યારબાદના ગ્રેડમાં સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

### એ-વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થીનુ નામ | શાળાનુ નામ | મેળવેલ ગુણ |
|---|---|---|
| ધર્મ જીતેન્દ્ર પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૭૭ |
| જીત ચંન્દ્રકાન્ત ઠક્કર | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૭૪ |
| કીંજલ બી રાણા | ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ | ૪૭૧ |
| રુચિ બી પટેલ | ઈન્ફોસિટી જુ. સાયન્સ કોલેજ | ૪૬૮ |
| આકાંક્ષા જે પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૮ |
| કાજલ પી પટેલ | ઈન્ફોસિટી જુ સાયન્સ કોલેજ | ૪૬૭ |
| નૈનિલ વિષ્ણુભાઈ પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૬૭ |
| આશિષ એમ લીંબાની | ઈન્ફોસિટી જુ સાયન્સ કોલેજ | ૪૬૫ |
| ઋષિલ વાય પટેલ | ઈન્ફોસિટી જુ સાયન્સ કોલેજ | ૪૬૪ |
| હર્ષ એ ઓઝા | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૬૩ |
| હીમિલ જીતેન્દ્ર પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૬૧ |
| રોહિત મહેન્દ્ર પટેલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૬૧ |
| હર્ષપાલ રાઓલ | સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૪૫૯ |
| આરતી એસ પટેલ | કુડાસણ સ્કુલ ઓફ અચિવર | ૪૫૯ |
| હર્ષ જે પટેલ | ઈન્ફોસિટી જુ સાયન્સ કોલેજ | ૪૫૮ |
| ચેતન આર પ્રજાપતિ | ઈન્ફોસિટી જુ સાયન્સ કોલેજ | ૪૫૫ |
| નિહાલ કાલસિંહ ડામોર | સહજાનંદ સ્કુલ.. | ૪૫૪ |
| અભિષેક જયેશભાઈ પટેલ | સહજાનંદ સ્કુલ.. | ૪૫૩ |
| ધર્મ હિતેન્દ્રભાઈ દેસાઈ | સહજાનંદ સ્કુલ... | ૪૫૩ |
| નિરવ કૌશિકભાઈ ઓઝા | સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ | ૪૫૩ |
| મીત ગીરીશભાઈ પટેલ | સહજાનંદ સ્કુલ... | ૪૫૨ |
| શૈલજા કે દવે | ઈન્ફોસિટી જુ સાયન્સ કોલેજ | ૪૫૨ |
| ઈશિતા એન થાનકી | સે-૮ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ | --- |
| જીલ આર મકડીયા | સે-૮ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ | --- |

# નાગરિક બેંકમાં ઉમેદવારોની આખરી યાદી માટે છેલ્લી ઘડી સુધી ધમાસાણ

## રજનીકાન્ત પટેલ નામના સભાસદે તો ૬.૨૦ સુધી યાદી પ્રસિધ્ધ ન થતાં રજીસ્ટ્રારને લેખિત વાંધો મોકલ્યો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે સાંજે ૬.૨૦ સુધી આખરી હરિફ ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ ન કરાતાં આ ચૂંટણી વિવાદોમાં ઘેરાઈ જવા પામી છે.

ઉમેદવારી પત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે છેલ્લી ક્ષણો સુધી ભારે ખેંચતાણ ચાલી હોવાથી ચૂંટણી અધિકારી દ્વારા હરિફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ થઈ ન હતી.

બિનસત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર વર્તમાન બોર્ડ ઓફ ડિરેકટર્સમાંથી બે અને અન્ય એક ઉમેદવારે ઉમેદવારી પત્ર પાછુ ખેંચ્યું છે. જોકે ઉમેદવારોને સમજાવવાના અને જોડતોડની રાજનીતિ તેની પરાકાષ્ટા પર પહોંચી હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

દરમિયાન નાગરિક બેંકના સભાસદ અને સહકારી અગ્રણી પટેલ રજનીકાન્ત નટવરલાલ (સભાસદ નં. ૪૮૫૨૯) એ સાંજે ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ થઈ ન હોવા અંગે મદદનીશ ચૂંટણી અધિકારી શ્રી જાદવને આ અંગે લેખિત વિરોધ નોંધાવી અને ગેરરીતિ થવાની શંકા વ્યકત કરી છે. તેમણે તેમના આ વિરોધની લેખિત જાણ જિલ્લા રજીસ્ટ્રારને પણ જાણ કરી છે.

નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સના ચૂંટણી જંગમાં ૪૮ ઉમેદવારોએ ઝંપલાવ્યું હતુ પરંતુ ચકાસણીને અંતે ૨૩ ઉમેદવારો મેદાનમાં હતા. ઉમેદવારોની ચકાસણી દરમિયાન શ્રી રજનીકાન્ત પટેલનું ઉમેદવારીપત્ર રદ થયું હતું તે ઉલ્લેખનીય છે.

નાગરિકે બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીમાં ૨૩ ઉમેદવારો પૈકી ૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછુ ખેચ્યાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે તેમાં બે વર્તમાન ડિરેકટરો અને અન્ય એક ઉમેદવારનો સમાવેશ થાય છે. સહકારી ક્ષેત્રની બે મોટી સંસ્થાઓ મધુર ડેરી અને હવે નાગરિક બેંકની ચૂંટણી પણ વિવાદમાં સપડતાં સહકારી ક્ષેત્રમાં ભારે ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ગુજરાતના ૧૯ યુવાનો સિવિલ સર્વિસની પરીક્ષામાં ઉત્તીર્ણ

## ગાંધીનગર સમાચારના યુવા કોલમિસ્ટ ઉત્સવ પરમારે પણ સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા.૪

સનદી સેવાઓમાં જોડાવવા માટેની અઘરી ગણાતી યુપીએસસીની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું છે. આ પરીક્ષામાં ગુજરાતના ૧૯ યુવાનો ઉત્તીર્ણ થયા છે. જે પૈકી ગાંધીનગર સમાચારના યુવા કોલમિસ્ટ ઉત્સવ પરમારે ૧૦૭૫માં ક્રમે ઉત્તીર્ણ થઈ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત કડી કેમ્પસ સ્થિત મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર ગાંધીનગર સાથે જોડાયેલા બે વિદ્યાર્થીઓ અનિલ ધામેલિયા અને રાજતનિલ સોલંકીએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓમાં ત્રણ ગુજરાતના છે.



સનદી સેવાઓમાં જોડાવવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા દર વર્ષે યોજાતી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષામાં લાકો વિદ્યાર્થીઓ બેસે છે. તેમાંથી ત્રણ તબક્કે યોજાતી પરીક્ષામાંથી માત્ર કેટલાક હજાર જ યુવાનો પાસ થાય છે અને આઈએએસ, આઈપીએસ, આઈઆરએસમાં જોડાય છે. યુપીએસસીની પરીક્ષા બાબતે ગુજરાતી યુવાનો પણ હવે જાગ્રત બન્યા છે. અમદવાદ સ્થિત સ્પિપા ખાતે યુપીએસસીની પરીક્ષા માટે યુવાનોને પધ્ધતિસરની તાલીમ આપવામાં આવે છે. દર વર્ષે ગુજરાતમાંથી પાસ થનારા યુવાનોની સંખ્યા વધી રહી છે. આજે જાહેર થયેલી યુપીએસસીની

● અનુસંધાન પાન-૭ પર

# દૂધ વાપરનારાઓની મંડળીમાં ૯ ઉમેદવારો બિનહરીફ

## ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે સોમવારે ૬ બેઠકો માટેનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં આવેલ પ્રતિષ્ઠિત દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીનું બ્યુગલ વાગ્યું છે. જેમાં કુલ ૧૫ બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ છે. જે પૈકી ૯ બેઠકો બિન હરીફ થઈ ગઈ છે જેથી હવે છ બેઠકો માટે ચૂંટણી જંગના મંડાણ થવાના એંધાણ વર્તાયા છે. જો કે સોમવારના રોજ ઉમેદવારીપત્ર પાછુ ખેંચવાનો અંતિમ દિવસ હોઈ તે દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જવાની શક્યતાઓ રહેલી છે.



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની બોર્ડ ઓફ ડીરેકટર્સની ૧૫ બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે પૈકી ૯ બેઠકો બિનહરીફ થવા પામી છે, જ્યારે છ બેઠકો માટે ચૂંટણી જંગના મંડાણ થવાની શક્યતાઓ રહેલી છે. ૧૪મી જુલાઈના રોજ ચૂંટણી માટે મતદાન તારીખ નિયત કરાઈ છે. જેમાં ૬ જુલાઈ સોમવારના રોજ ઉમેદવારી પત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ છે જેથી આ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેવું જણાઈ રહ્યું છે.

જે નવ બેઠકો બિન હરિફ થઈ છે તેમાં સેક્ટર-૧૬/૨૩ માટે પંકજભાઈ બી. શુક્લ, સેક્ટર-૨ માટે હસુમતિબેન આર. પટેલ, સેક્ટર-૩/૬ માટે ઈશ્વરભાઈ એસ. પટેલ, સેક્ટર-૭ માટે ભાનુમતિબેન આર. રોહિત, સેક્ટર-૧૪/૧૫ માટે સુરેશકુમાર એન. મહેતા, સેક્ટર-૧૭/૨૨ માટે કેતનકુમાર ડી. પટેલ, સેક્ટર-૨૪ માટે રાજેશ એસ. પંચોલી, સેક્ટર-૨૮/૨૯ માટે દિલીપસિંહ આર. ચૌહાણ તથા જી.ઈ.બી. માટે ચંદ્રસિંહ એચ. વાઘેલા બિનહરીફ જાહેર કરાયા છે.

જ્યારે સે. ૧/૮, સે. ૪/૫, સે. ૧૨/૧૩, સે. ૧૯/૨૧, સે. ૨૦/૩૦ અને સે. ૨૩/૨૭ની છ બેઠકો માટેના ઉમેદવારોએ પણ પોતપોતાની રીતે બિનહરીફ કરવાના પ્રયત્નો આરંભી દીધા છે. છતાં પણ જો આ બેઠકોમાં ચૂંટણીજંગના એંધાણ વર્તાશે તો ચૂંટણી અત્યંત રસપ્રદ બનવાના સંજોગો સર્જાવાની શક્યતાઓ જણાઈ રહી છે. જો કે ઉમેદવારોએ અનેક સમીકરણો રચવાના શરૂ કરી દીધા છે જેનું પરિણામ સોમવારના રોજ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના દિવસે જ સ્પષ્ટ થશે તેવુ લાગી રહ્યું છે.

# આજે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા મુલ્તવી રખાયેલ ક્લાર્ક કેડરની પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા અગાઉ મુલ્તવી રખાયેલ જુનિયર ક્લાર્ક અને એફએચડબલ્યુની પરીક્ષા આજે ૩૩ દિવસ બાદ પુનઃ લેવાશે.

પેપર લીક થવાના મુદ્દે ઉભા થયેલા વિવાદને લઈ છેલ્લી ક્ષણે અર્થાત્ ૭મી જૂને આ પરીક્ષા મોકુફ કરવાનો નિર્ણય પંચાયત સેવા પસંદગી સમિતિએ કર્યો હતો.

આજે લેવાનારી આ પરીક્ષા માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા પુરી કરી લેવામાં આવી છે. એફ.એચ.ડબલ્યુ માટે ૧૫૦ જેટલા ઉમેદવાર નોંધાયેલા હોવાથી આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે એક કેન્દ્ર નિયત કરવામાં આવ્યું છે.

જુનિયર ક્લાર્ક સંવર્ગની જગ્યા માટે જિલ્લામાં ૧૪ હજાર ઉમેદવારો નોંધાયેલા છે અને આ પરીક્ષાના સંચાલન માટે ૪૨ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લાતંત્ર દ્વારા કેન્દ્રો પર પુરતો પોલીસ બંદોબસ્ત રાખવા સહિતના તમામ પગલાંઓ લેવામાં આવ્યા છે. પરીક્ષાના અર્ધા કલાક જ પૂર્વે જ પરીક્ષાર્થીને પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે. પરીક્ષાર્થીને કોઈપણ પ્રકારના વીજ ઉપકરણ કે મોબાઈલ સાથે પ્રવેશ આપવામાં આવશે નહિ.

### બેસણુ / સુંવાળા



મારા ધર્મપત્ની સ્વ. મંજુલાબેન નારણભાઈ પ્રજાપતિ (ચક્ષુદાતા)નું તા. ૨-૭-૨૦૧૫ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તા. ૬-૭-૨૦૧૫ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૬૫૯/એ, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર

લિ.
નારણભાઈ શિવાભાઈ પ્રજાપતિ (સાણોદાવાળા)
કાંતિભાઈ શિવાભાઈ પ્રજાપતિ
અમૃતભાઈ શિવાભાઈ પ્રજાપતિ
સ્વ. બાબુભાઈ શિવાભાઈ પ્રજાપતિ

દિપકભાઈ નારણભાઈ પ્રજાપતિ (પુત્ર)
(શ્રી નારાયણ પ્રિન્ટીંગ પ્રેસ)
ગાંધીનગર

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.


KIPA
રાસ-ગરબા ક્લાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
ક્લાસીસ ૧ ઓગષ્ટ થી શરૂ
વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સ્ટુડન્ટસ લેવામાં આવશે.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Mauns Nirdosh®
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.:
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT Kisan ashirvad C. PVC, UPVC TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500 TMT BARS - ISI BENELAVE BATH FITTINGS Dr.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com